# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર
# વલ્લભ વિદ્યાલય, બોચાસણ ૩૮૮૧૪૦
# તા.બોરસદ જિ.આણંદ

## પ્રવૃતિ – દર્પણ

અંક : ૧૩ માર્ચ – એપ્રીલ ૨૦૨૦

૧. નવાં બાંધકામ.
૨. ધો.૧૦,૧૨ ની જાહેર પરીક્ષા.
૩. હોળી ધુળેટીની રજાઓ.
૪. પૂ.રવિશંકર મહારાજની સમાધિનું રીપેરીંગ.
૫. કોરોના વાઇરસના કારણે કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓને ઘરે પરત જવા દીધા.
૬. કુમાર છાત્રાલયના ગૃહપતિઓ તથા રસોયા સાથે બેઠક. તા.19/03/2020.
૭. લૉકડાઉન – 1 તા.25/03/2020 બુધવારથી તા.14/04/2020 મંગળવાર (21 દિવસ)
૮. જીવન જરૂરિયાતની વસ્તુઓની કીટનું વિતરણ.
૯. લૉકડાઉન – 2 તા.15/04/2020 બુધવારથી તા.03/05/2020 રવિવાર.
૧૦.સેવકોને ઓનલાઇન વેતનથી નિયમિત ચૂકવણી.
૧૧.ઉનાળુ બાજરીની ખેતી.
૧૨. ઉદ્યોગ ઉત્પાદન.
૧૩. ગંગાબા ગૌશાળામાં દૂધ અને ઘઉં ઉત્પાદન.
૧૪. " બુલેટ " ઘાસની રોપણી.

### -:નોવેલ કોરોના વાઇરસ (કોવિડ – 19) :-

આ ચીનના વુહાનમાં મળેલો કોરોના વાઇરસનો નવો પ્રકાર છે. અત્યાર સુધી વિજ્ઞાનીઓ કોરોના વાઇરસના 6 પ્રકાર જાણતા હતા. કોવિડ –19 સાતમો પ્રકાર છે. આ નવો પ્રકાર છે. એટલે તેનું નામ નોવેલ કોરોના વાઇરસ છે. વુહાનમાં માછલી બજારમાં કેટલાક પ્રાણીઓમાંથી આવ્યો અને ત્યાંથી માનવીમાં ફેલાયો.

કોવિડ –19નો ચેપ શ્વસનતંત્રના નાક, ગળૂં, ફેફસા જેવા ભાગોને પ્રભાવિત કરે છે. તેનાં લક્ષણ અને અસર વધતાં શ્વાસ લેવામાં તકલીફ થવા લાગે છે.

આનો ચેપ એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. જ્યારે કોઇ વ્યક્તિ છીંક ખાય છે ત્યારે મોઢામાંથી નીકળનારા છાંટા વાઇરસને ફેલાવે છે. આ સ્થિતિમાં મોઢામાંથી નીકળનારા છાંટી વાઇરસ ફેલાવી શકે છે. આ વાઇરસ અનેક પ્રકારની વસ્તુઓ અને સપાટી પર ટકી જાય છે, જેને સ્પર્શ કરવાથી આ ફેલાઇ શકે છે.

જો તાવ , ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ ઉપરાંત કોરોના ચેપગ્રસ્ત વિસ્તારમાં જાઓ છો, ચેપી વ્યક્તિના સંપર્કમાં આવો છો તો કોરોના થવાની આશંકા રહે છે.

કોવિડ-19 ની ઘાતકતા 23% છે. તે બીજા વાઇરસની સરખામણીમાં ઓછો જીવલેણ છે. 80% દર્દીયોમાં માત્ર હલકા લક્ષણ હોય છે, અને તે બે અઠવાડિયામાં સાજા થઇ શકે છે. આ વાઇરસની ઘાતકતા નહીં , ચેપ ફેલાવાની ક્ષમતા ખતરનાક છે. એટલે તેની ફેલાવાની ગતિ ઘણી વધુ છે.

કોવિડ –19 ના લક્ષણ 2 થી 14 દિવસમાં દેખાય છે. તાવ શરદી, ગળામાં ખારાશ વગેરે લક્ષણોથી ડરવું નહીં દિવસમાં 2-3 વખત વરાળ લેવી , પૂરતું પાણી પીવું, આરામ કરવો જોઇએ. નજીકની હૉસ્પિટલમાં તપાસ કરાવંતા રહેવું અને ડૉક્ટરે જણાવેલી દવાજ લેવી.

કોવિડ –19 નો ચેપ ન લાગે તે માટે વારંવાર હાથ ધોવા, સેનેટાઇઝર નો ઉપયોગ કરવો ચહેરા પર હાથ ન લગાડવો. કપડાના માસ્ક પહેરવા. ખાંસી ધરાવતા કે છીંકનારા વ્યક્તિઅથી દૂર રહો. હાથ મિલાવવાથી બચો, નમસ્તેથી આવકાર આપો. પોતે પણ છીંકથી વખતે રૂમાલનો ઉપયોગ કરવો. ભીડભાડથી બચવું. ઘરેજ રહેવું, સુરક્ષિત રહેવું. બે વ્યક્તિ વચ્ચે અંતર રાખો.

ગરમ પાણીથી સ્નાન કરો. તુલસી, ગળો, લીમડો અને સરગવાની સિંગ એન્ટિવાઇરલ ડ્રગ્સ છે. તેના સેવાથી રોગપ્રતિકારક ક્ષમતા તો વધશેજ સાથે સાથે તે વાઇરસથી પણ બચાવશે. ચ્યવનપ્રાસ ખાઓ. સૂંઠ, મરી, પીપરને ગરમ પાણીમાં ઉકાળીને કાઢો બનાવીને પીઓ. આંબળાના પાઉડર કે મુરબ્બાનું સેવન કરો.

દુનિયામાં પોતાની આરોગ્યની સેવાઓ માટે પ્રખ્યાત અમેરિકા, બ્રિટન, ઇટાલી અને સ્પેન પણ કોવિડ –19ના સંક્રમણથી વામણા સાબિત થઇ રહ્યા છે ત્યારે આપણે ભારતવાસીઓ કોવિડ-19ના ચેપને સહિયારા પુરૂષાર્થથી ફેલાતો રોકીએ.

સંકલન
૧.શ્રી ઉદેસિંહ સોલંકી
૨.શ્રી કિશોરભાઇ રાવલ ૩.શ્રી સુનિલકુમાર જાદવ
૪.શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી ૫.શ્રી રાવજીભાઇ પરમાર

ટાઇપ અને લે-આઉટ
શ્રી સાજીદભાઇ વહોરા

આ માસિક પત્રિકા ફક્ત શૈક્ષણિક હેતુ અને માર્ગદર્શન માટે છે

1. ચાલુ વર્ષે (2019 – 2020) નીચેના બાંધકામ મંજૂરી લઇને કર્યા.
    1. ખંભાતી કૂવા સંખ્યા – 4
    2. બાલક્રીડાંગણ
    3. સંડાસ – કુમાર છાત્રાલય. સંખ્યા - 24
    4. ગૃહપતિ નિવાસ રીપેરીંગ સંખ્યા - 2
2. ધોરણ – 10 તથા 12 ની જાહેર પરીક્ષા તા. 05/03/2020થી શરૂ થઇ. તેમાં નીચેની સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત થયા.

    ધોરણ – 10. 40 વિદ્યાર્થી ધોરણ – 12. 29 વિદ્યાર્થી
3. ધોરણ 5,6,7,8,9,11ના વિદ્યાર્થીઓ હોળી ધુળેટીની રજાઓમાં તા.09/03/2020થી તા.14/03/2020 સુધી ઘરે ગયા. ધોરણ 10 તથા 12ના વિદ્યાર્થીઓ જાહેર પરીક્ષામાં બેઠા હોવાથી છાત્રાલયમાં રહ્યા.
4. શ્રી રમણભાઇ સોલંકી (સામાજિક કાર્યકર) પૂ.રવિશંકર મહારાજની મુલાકાતે આવ્યા. તેઓ પૂ.રવિશંકર મહારાજની સમાધીના રીપેરીંગ માટેની દરખાસ્ત લઇ ગયા. તેઓ સંસદ સભ્યને આ માટે દરખાસ્ત રજૂ કરશે.
5. ગુજરાત રાજ્યમાં કોરોના વાઇરસના ઉપદ્રવને કારણે કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓને પરત ઘરે મોકલ્યા.તેઓ હોળી – ધુળેટીની રજાઓ પૂરી થતાં તા.15/03/2020ને રવિવારે કુમાર છાત્રાલયમાં હાજર થયા હતા.
6. કુમાર છાત્રાલયના ગૃહપતિઓ તથા રસોયા સાથે તા.19/03/2020ને ગુરૂવારે બેઠક રાખી. તેમાં નીચેની બાબતોની ચર્ચા કરી.
    1. પ્રવેશ કાર્યવાહિ.
    2. ગ્રાન્ટ.
    3. છાત્રાલયની સફાઇ.
    4. ગૃહપતિઓને રજાઓ.
    5. કુમાર છાત્રાલયના હિસાબી પત્રકો.
    6. કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓ તથા સેવકોના હાજરીપત્રકો
7. તા.25/03/2020ને બુધવારથી તા.14/04/2020 મંગળવાર સુધી 21 દિવસનું લૉકડાઉન જાહેર થયું. આદરણીય કુલનાયકશ્રી, મા.કાર્યકારી કુલસચિવશ્રી તથા મા.માનદ્ નિયાકમશ્રી (વિસ્તરણ)ના માર્ગદર્શન નીચે આ દિવસો દરમિયાન આવશ્યક સેવાઓ ચાલુ રાખવામાં આવી.
    1. ઘઉ કાપવા, થ્રેસરથી કાઢવા.
    2. ઉનાળુ બાજરી રોપવી તથા અન્ય ખેતી કાર્યો.
    3. ગંગાબા ગૌશાળાનાં દૈનિક કાર્યો.
    4. સંસ્થા પરિસરની સફાઇ.
    5. શતાબ્દી વૃક્ષ તથા શતાબ્દી વનની માવજત.
    6. કામ કરતા સેવકો માટે હાથ ધોવા સાબુ તથા સેનીટાઇઝરની વ્યવસ્થા.

8. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદની સૂચના અનુસાર 8 જરૂરીયાતવાળા સેવકો (રસોયા, ચોકીદાર, પાણી પંપ ચલાવનાર, ગંગાબા ગૌશાળા મજૂરો, વિનયમંદિર ઉદ્યોગ – ખેડૂત) ને જીવન જરૂરીયાતની વસ્તુઓની કીટ બનાવીને વિતરણ કર્યું.



9. લૉકડાઉન – 1 પ્રમાણે લૉકડાઉન – 2 માં આવશ્યક સેવાઓ ચાલુ રાખવામાં આવી.
10. લૉકડાઉન – 1,2 દરમિયાન સેવકોને ગૂજરાત વિદ્યાપીઠ મંડળ તરફથી નિયમિત વેતનથી ઓન લાઇન ચૂકવણી કરવામાં આવી.

- તા.03/04/2020. – તા.01/05/2020

11. વિનયમંદિર ઉદ્યોગમાં 7 એકર તથા ગંગાબા ગૌશાળામાં 3 એકરમાં ઉનાળુ બાજરીની ખેતી કરવામાં આવી છે.
12. વિનયમંદિર ઉદ્યોગમાં માર્ચ – એપ્રીલમાં નીચે પ્રમાણે ઉત્પાદન થયું છે.

1. ઘઉં 3220 કિલોગ્રામ. (બિયારણ સાથે)
2. રાયડો 204 કિલોગ્રામ.
3. શાકભાજી 1410 કિલોગ્રામ. (ટામેટા, ધણા, મેથી, બિટ, રીંગણ, ડુંગરી)

13. ગંગાબા ગૌશાળામાં માર્ચ એપ્રીલમાં નીચે પ્રમાણે ઉત્પાદન થયું છે.

1. દૂધ માર્ચ 2434 લિટર.
   એપ્રીલ 2188 લિટર.
2. ઘઉં 3055 કિલોગ્રામ. (બિયારણ સાથે)

14. ગંગાબા ગૌશાળામાં 10 ગુંઠામાં " બુલેટ " ઘાસની રોપણી કરી.